# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર દ્વારા મુસદ્દારૂપ જંત્રી-માર્ગદર્શિકા જાહેરઃ 20 ડિસેમ્બર સુધી વાંધા સૂચન મંગાવાયા
2) સોમનાથમાં આજથી ત્રણ દિવસ ચિંતન શિબિરનો પ્રારંભ થશેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીઓ, સચિવો, જિલ્લા કલેક્ટરો ભાગ લેશે
3) આરોગ્ય વિભાગ દ્વારા બે હજારથી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત
4) ધારપુર મેડિકલ કોલેજ રેગિંગકાંડના સાત આરોપી વિદ્યાર્થીઓની જામીન અરજી નામંજૂર કરાઈ
5) રાજ્યમાં કેટલાંક સ્થળોએ ઠંડી વધીઃ નલિયામાં 14.1 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 14.5 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# JANTRI NEW RATES

રાજ્ય સરકારે, રાજ્યમાં જમીન-મિલકતોનાં ભાવ નક્કી કરતી નવી જંત્રીનાં દરો જાહેર કરવાની દિશામાં કામગીરી શરૂ કરી છે. આ માટે હાલમાં સરકારે નવી જંત્રીનો મુસદ્દો તૈયાર કર્યો છે. આ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા જાહેર જનતાના નિરિક્ષણ માટે https://garvi.gujarat.gov.in વેબસાઈટ તથા સંબંધિત નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી)ની કચેરી ખાતે ઉપલબ્ધ રહેશે. આ પોર્ટલ પર ૩૦ દિવસમાં એટલે કે તારીખ 20 ડિસેમ્બર, 2024 સુધી ઓનલાઈન વાંધા-સુચન રજૂ કરી શકાશે.

ત્યારબાદ કલેક્ટરો દ્વારા ચકાસણી અને યોગ્ય કક્ષાએથી અભિપ્રાયો લેવાયા બાદ નવા જંત્રીનાં દર જાહેર કરવામાં આવશે.

હાલ, નવી જંત્રી 15 એપ્રિલ, 2023થી અમલમાં છે. સરકારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જમીનના ભાવોનું સરળીકરણ અને તર્કસંગતીકરણ કરી, વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીને વાસ્તવિક ભાવો દર્શાવતી, જંત્રી તૈયાર કરવાના દિશા નિર્દેશો આપ્યા હતાં.

નવા જંત્રીનાં દર નક્કી કરવા એપ્રિલથી નવેમ્બર 2023 સુધી તબક્કાવાર ફિલ્ડ સર્વે કરવામાં આવ્યો હતો. રાજ્યના શહેરી વિસ્તારોમાં વિસ્તારની વિકાસ ક્ષમતા આધારે કુલ ૨૩ હજાર ૮૪૬ વેલ્યુઝોન અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ હજાર ૧૩૧ ગામોનો ફિલ્ડ સર્વે કરવામાં આવ્યો હતો.

-----------------------------------------------------------------

- - માહિતી ખાતુ અનિલ

NAVIN

# CHINTAN SHIBIR SOMNATH

રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબીર આજથી ત્રણ દિવસ માટે પ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર સોમનાથ ખાતે યોજાશે. શિબીરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીઓ, જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને વિવિધ ખાતાના વડાઓ ભાગ લેશે.

શિબીરમાં રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સંતૃપ્તિનો અભિગમ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્વપૂર્ણ વિષયો પર મંથન કરવામાં આવશે

સેવાઓનાં સુદ્રઢીકરણ માટે ડિપ ટેકનો ઉપયોગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનાલિસસ જેવા સાંપ્રત વિષયો પર નિષ્ણાંતોના માર્ગદર્શક વક્તવ્યો યોજાશે.

શિબીરના સમાપન અવસરે શ્રેષ્ઠ જિલ્લા કલેક્ટર અને શ્રેષ્ઠ ડી.ડી.ઓ.ના એવોર્ડસ એનાયત કરવામાં આવશે.

-------------------------------------------------------------------

- માહિતી ખાતુ અનિલ

NAVIN

# GPSC PRESS

GPSC ના ચેરમેન હસમુખ પટેલે ગઈકાલે પ્રેસ કોન્ફરન્સ યોજી અને આરોગ્ય વિભાગ માટે સૌથી મોટી ભરતી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આરોગ્ય વિભાગમાં બે હજાર કરતાં વધુ જગ્યાઓ ઉપર ભરતી કરાશે. જે અંતર્ગત તબીબી અધિકારી વર્ગ -2 માટે 1 હજાર 506 જગ્યા, જનરલ સર્જન તજજ્ઞ માટે 200, ફિઝિશિયન તજજ્ઞ માટે 227, ગાયનેકોલોજિસ્ટ માટે 273, તથા વીમા તબીબી અધિકારી માટે 147 જગ્યા સહિત 2 હજાર 804 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પૂરતા ઉમેદવારો મળ્યા ન હોવાનાં કારણે જગ્યા ભરાઈ ન હતી, જેથી અત્યારે આ ભરતી બહાર પાડવામાં આવી છે.

નોંધનીય છે કે અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઉમેદવારી કરી શકશે.

-------------------------------------------------------------------

- રીપીટ

# PIB WAVES

કેન્દ્ર સરકારે મીડિયા અને મનોરંજન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા અને તેની વૈશ્વિક અસરને વધારવા માટે પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-WAVESનું આયોજન કર્યું છે. WAVES અંગે યુવાનોમાં જાગૃતિ લાવવા ગઈ કાલે

પત્ર સૂચના કાર્યાલય-PIB અને કેન્દ્રીય સંચાર બ્યૂરો-CBC, અમદાવાદ દ્વારા ગાંધીનગર સ્થિત ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (DA-IICT) ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં દૂરદર્શન સમાચારના ઉપ નિયામક ઉત્સવ પરમાર અને પીઆઇબીના ઉપ નિયામક આરોહી પટેલે વિદ્યાર્થીઓને WAVES અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય સંચાર બ્યૂરો, અમદાવાદ દ્વારા પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું.

---

- PIB, ANIL PATEL, NAVIN

# THE SABARMATI REPORT- CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં સિટી ગોલ્ડ સિનેમા ખાતે 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ નિહાળી હતી. તેમણે પીઢ અભિનેતા જિતેન્દ્ર અને રિદ્ધિ ડોગરા  સાથે આ ફિલ્મ જોઈ હતી અને ફિલ્મની પ્રશંસા કરી હતી.

ઉલ્લેખનીય છે કે 15 નવેમ્બરે રિલીઝ થયેલી આ ફિલ્મને નિહાળ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ ફિલ્મની પ્રશંસા કરી હતી.

---------------------------------------------------------------------

- -માહિતી ખાતુ અનિલ

NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# Patan – Ragging

પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં થયેલ રેગીંગ મામલે ઝડપાયેલા 15 વિદ્યાર્થીઓના એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતા ગઇકાલે સાંજે તેમને પાટણની જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં રજૂ કરાયા હતા. અદાલત દ્વારા 15 પૈકી જામીન અરજી મુકનાર 7 આરોપીઓના જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા. જોકે, બાકીના આઠ આરોપી વિદ્યાર્થીઓ દ્વારા કોઈ જામીન અરજી રજૂ કરવામાં આવી ન હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બાલીસણા પોલીસ દ્વારા એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતા વધારાના રિમાન્ડની માંગણી કરવામાં આવી ન હતી. આ ઘટનામાં જામીન ના મંજૂર થતા તમામ 15 વિદ્યાર્થીઓને પાટણની સુજનીપુર ખાતેની સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

આ કેસ અંગે સરકારી વકીલ અજીતાબેન ભટ્ટ દ્વારા પત્રકારોને માહિતી આપતા આ મુજબ જણાવ્યું હતું .

## બાઇટ - અજીતાબેન ભટ્ટ

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ / જયેશ વેગડા

NAVIN

# Shaktisinh – Khyati Hospital

રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે ખ્યાતિ હોસ્પિટલ મામલે રાજ્યની વડી અદાલતના જજની સમિતિ દ્વારા તપાસની માંગ સાથે સંસદ ચર્ચા માટે નોટિસ આપી છે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે ખ્યાતિ હોસ્પિટલ મામલે સાંસદ શક્તિસિંહ ગોહિલે આપેલ નિવેદનમાં તેમણે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં પ્રજાના જીવન સાથે ચેડાં કરાય છે. શ્રી ગોહિલે આએ મામલે સંસદમાં ચર્ચા કરીશું તેમ પણ જણાવ્યું હતું.

---

- પીટીસી અમદાવાદ / જયેશ વેગડા

NAVIN

# WEATHER

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનનો પારો ગગડતાં આગામી દિવસોમાં ઠંડીની જમાવટ થવાની શક્યતા છે. ગઈ કાલે કેટલાંક શહેરોમાં તાપમાન 15 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. નલિયામાં 14.1 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 14.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ડીસામાં 15.9, પોરબંદરમાં 15.8 અને રાજકોટમાં 16.4 ડિગ્રી, અમદાવાદમાં 19, સુરતમાં 21 ડિગ્રી તાપમાન રહ્યું હતું.

જો કે અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 32 ડિગ્રીથી વધુ નોંધાયું હતું. સૌથી વધુ 35 ડિગ્રી તાપમાન રાજકોટમાં હતું, જ્યારે ભુજ, વેરાવળ, સુરેન્દ્રનગર અને કંડલામાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન 31 ડિગ્રી સેલ્સિયલ તાપમાન રહ્યું હતું.

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન હવામાન સુકું રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

---------------------------------------------------------------------

- -હવામાન વિભાગની યાદી, અનિલ

NAVIN

# SIDDHPUR MATRUVANDANA

પાટણ જિલ્લામાં સરસ્વતી નદીના કિનારે આવેલા માતૃગયા તીર્થ સિધ્ધપુર ખાતે 24 અને 25 નવેમ્બરના રોજ રાત્રે આઠ વાગે માતૃવંદના ઉત્સવની ઉજવણી કરવામાં આવશે.

પાટણ જિલ્લાના અમારા પતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને પાટણ જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે સિધ્ધપુરમાં બિંદુ સરોવર ખાતે યોજાનારા બે દિવસીય માતૃવંદના ઉત્સવ કાર્યક્રમમાં પ્રથમ દિવસે ફરીદા મીર અને બીજા દિવસે કિંજલ દવે સહિતના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે.

રાજ્યમાં પવિત્ર અને સુપ્રસિધ્ધ યાત્રાધામો ખાતે પ્રતિવર્ષ બે દિવસીય ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત પાટણ જિલ્લામાં દર વર્ષની જેમ સિધ્ધપુર ખાતે માતૃ વંદના ઉત્સવ કાર્યક્રમ યોજાનાર છે.

---------------------------------------------------------------------------

- પીટીસી  જયેશ વેગડા

NAVIN

# RAVI PAK

રાજ્યની ખેતી નિયામક કચેરી દ્વારા ખેડૂતોને તેમના પાકનું રક્ષણ મળે અને બજારમાં સારા ભાવ મેળવી શકે તેવા ઉદેશથી જીરૂ, વરીયાળી, ધાણા, મેથી, અજમો અને સુવાના પાકમાં વાવણી પહેલાં અને વાવણી સમયે રોગ અને જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે માર્ગદર્શિકા આપી છે.

માર્ગદર્શિકા મુજબ જીરાના પાકમાં કાળીયો અથવા કાળી ચરમી રોગના નિયંત્રણ માટે એક જ ખેતરમાં સતત જીરૂની વાવણી ન કરતાં પાક ફેરબદલી કરવી હિતાવહ છે. ઉપરાંત સેન્દ્રિય ખાતર તેમજ ભલામણ અનુસાર નાઇટ્રોજનયુક્ત ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત રોગ જીવાત નિયંત્રણ માટે જરૂરિયાત મુજબ દવાઓ જણાવવામાં આવી છે.

વરિયાળીમાં મૂળનો કોહવારો અથવા થડનો સડો રોગના નિયંત્રણ માટે ધરૂને ફેરરોપણી કરતાં પહેલાં 40 ગ્રામ ત્રાંબાયુક્તા દવાનું 10 લિટર પાણીમાં દ્રાવણ બનાવી ધરૂને દ્રાવણમાં બોળીને વાવવા જેથી આ રોગને અસરકારક રીતે અટકાવી શકાય છે.

દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- મા. ખા / જયેશ વેગડા NAVIN

# TENNIS SELECTION BANASKANTHA

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને અલ્ટેવોલ એલેક્ઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી વચ્ચે અમદાવાદ ખાતે ટેનીસ રમતનું બિન-નિવાસી કેન્દ્ર શરૂ કરવા માટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

વિદેશી કોચ દ્વારા વિના મૂલ્યે તાલીમ આપવા 25 નવેમ્બરથી છ ડિસેમ્બર સુધી અમદાવાદ ખાતે અલ્ટેવોલ એલેક્ઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી ખાતે ૧૦ થી ૧૪ વર્ષના ટેનીસ રમતના ખેલાડી ભાઇઓ-બહેનોની પસંદગી કરવામાં આવશે,

બનાસકાંઠા જિલ્લાના રસ ધરાવતા ટેનીસનાં ખેલાડીઓએ 24 નવેમ્બર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી, જરૂરી પ્રમાણપત્રો સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

રજીસ્ટ્રેશન માટે - ૯૯૭૮૯૭૧૯૧૯ અને ઇ-મેઇલ આઇડી info@altevol.com સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી, બનાસકાંઠાની એક યાદીમાં જણાવ્યું છે.

---------------------------------------------------------------

- પીટીસી બનાસકાંઠા

અનિલ પટેલ NAVIN